---

## અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨ માં

---

**ક્રિ.કેસ નં.૧૦૭/૧૩**

*(૧) આ કામના પોલીસ ધ્વારા આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)(બી), ૬૫ઈ મુજબના ગુનાનું ચાર્જસીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જસીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તર્ફે સ્પે.સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પે.સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક...... થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જસીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમા પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.*

*(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષાણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.*

*(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે જઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.*

***હુ ક મ***

*ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ દરેક આરોપીને એકટ કલમ–૬૬(બી),૬૫ઈ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી રુા.૧૦૦/– (અંકે રુપિયા એક સો) પુરા દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.*

*હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.*

*તારીખઃ ૨૨/૭/૨૦૧૮*
*અમદાવાદ*

**(એમ.વાય.રાધનપુરવાલા)**
*એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*કોર્ટ નં.૨, અમદાવાદ*
*જી.જે.૦૦૭૩૪*